|| ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ સર્વરોગનિવારિણે નમ: || (૫૩)

## સર્વ રોગનું નિવારણ કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

૨૭ મે ૧૯૬૩ ના રોજ વ્હાઇટ ફિલ્ડ બેંગલોરમાં પ્રથમ મુલાકાતમાં જ દર્શન, પાદસ્પર્શન, અને સંભાષણ એવી સ્વામીની કૃપાનો ત્રણ ગણો લાભ મેળવેલા મુંબઈના એક ભક્ત શ્રી. શામ જુવળે, સ્વામીના અગણિત ભક્તોમાંના એક સદ્ભાગી ભક્ત છે.

આ દિવસ પછી તેઓ અનેક વાર પુટ્ટપર્તિ અને વહાઈટ ફિલ્ડ સ્વામીના દર્શનાર્થે જવા લાગ્યા. દર વખતે સ્વામી તેમને પૂછપરછ કરતા તેમને માર્ગદર્શન આપતા. સ્વામીએ તેમને અનેક મુલાકાતો પણ આપી. સ્વામીએ મહારાષ્ટ્રનું પહેલું સ્ટડી સર્કલ ચલાવવા તેમને પ્રેરિત કર્યા.

આ જીવન પ્રવાસમાં ક્યારેક ક્યારેક શ્રી. જુવળે પર પણ શારીરિક આપત્તિઓ આવી. પરંતુ તેમની જીવનદોર સ્વામીના હાથમાં સોંપીને તેઓ નિશ્ચિત રહ્યા.

એક વખત સ્વામીના ભક્ત બન્યા પછીના સમયમાં, શામભાઈના પગમાં એક્ઝીમા (એક ચામડીનો રોગ) થયો. તેમણે મુંબઈના ડૉક્ટરોને બતાવીને સારવાર શરૂ કરી. પરંતુ સાજા થવાની વાત તો દૂર, પણ તે એક્ઝીમા વધતો જતો હતો, જેથી તેમને ચાલવામાં પણ તકલીફ પડવા લાગી. આ સંજોગોમાં તેમને સ્વામીના દર્શનની તીવ્ર ઇચ્છા મનમાં જાગૃત થઈ (તાલાવેલી લાગી). અને તેઓ સહકુટુંબ પુટ્ટપર્તિ ગયા. તે સમયે ઘેરબેઠા સ્વામી ક્યાં છે તે જાણવાની વ્યવસ્થા નહોતી. તેમજ ટેલિફોન પરથી જણાવવું પણ શક્ય નહોતું. જ્યારે જુવળે કુટુંબ પુટ્ટપર્તિ પહોંચ્યું, ત્યારે તેમને ખબર પડી કે, સ્વામી પુટ્ટપર્તિમાં નથી. આ સાંભળતા જ શ્રીમતી જુવળે રડવાં લાગ્યાં.

બીજે જ દિવસે તેમણે કેટલાક ભક્તો પાસેથી એવું સાંભળ્યું કે ત્યાં નજીક જ એક ઝરણું છે, તેનું પાણી એક નાનકડા કુંડમાં ભેગું થાય છે અને તેને પવિત્ર પાણી(HOLY WATER) એમ કહેવાય છે. જેને ઉપયોગમાં લેવાથી અનેક રોગોનું નિવારણ થાય છે. આ સાંભળતા જ શ્રીમતી જુવળે બોલ્યા- "આપણે જઈને જોઈ તો આવી શું છે તે?"

તે પ્રમાણે આખું કુટુંબ ત્યાં 'હોલી વોટર' પાસે પહોંચ્યું. ત્યાં પહોંચતા તેમને એક નાનો કુંડ દેખાયો.જેની આજુ બાજુ અનેક મૂર્તિઓ હતી અને સુંદર તુલસી વૃંદાવન તૈયાર કરાયું હતું. અનેક લોકો વારા ફરતી તે કુંડમાંના પાણીનું આચમન કરતા હતા. કેટલાક લોકો પોતાની બોટલમાં પાણી

ભરી લેતા હતા. પરંતુ તે નાનકડા કુંડનું પાણી સહેજ પણ ઓછું થતું નહતું. શ્રી જુવળેએ પણ તે પાણીનું આચમન કર્યું અને તેમના પગને પણ લગાવ્યું અને બધા પાછા આશ્રમમાં આવ્યાં.

આમ જ બે દિવસ વીતી ગયા, પરંતુ પગ પર તેનું કાંઈ જ પરિણામ થયું નહી. અને અચાનક ત્રીજે દિવસે સ્વામી બહાર ગામથી પાછા આવ્યા. નિત્ય કાર્યક્રમ શરુ થયા. સ્વામીએ બીજે જ દિવસે જુવળે કુટુંબને મુલાકાત માટે બોલાવ્યા. મુલાકાત કક્ષમાં ગયા પછી, બધાને પાદ નમસ્કાર મળ્યા. સ્વામીએ બધાને વિભૂતિ પ્રગટ કરીને આપી અને અચાનક શ્રી. જુવળે તરફ વળીને બોલ્યા –" તારા પગને એક્ઝીમા થયો છે ને? ચિંતા કરીશ નહીં. સાત દિન ઉસે કાંજી લગાના " આ સાંભળતા જ જુવળેને પ્રશ્ન પડ્યો. તેમને કાંજી' એટલે શું તે સમજાયું નહીં. આ જાણીને સર્વજ્ઞ સ્વામી બોલ્યા-"ભાત કરતી વખતે જે પાણી આપણે કાઢી નાખીએ છીએ (ઓસામણ) તેને કાંજી કહેવાય છે." અને આ પણ તેમણે હાથથી કૃતિ કરીને બતાવ્યું. ત્યારે જુવળેને સમજાયું કે, સ્વામી ભાતના ઓસામણ વિશે બોલે છે.

સ્વામીના આશીર્વાદ લઈને શ્રી. જુવળે મુંબઈ પાછા આવ્યા. સ્વામીએ કહ્યા મુજબ સાત દિવસ સુધી ભાતનું ઓસામણ લગાવ્યું અને આઠમા દિવસ એક્ઝીમા મટી ગયો. જાણે એક્ઝીમાએ એક્ઝીટ લીધી. કયાંય તેનો ડાઘ કે નિશાન પણ ન રહ્યા. ખરેખર પગના જે ભાગમાં એકઝીમાં થયો હતો, તે ભાગ કપડાંની અંદર હોવાથી કોઈને દેખાતો પણ ન હતો. પરંતુ સર્વજ્ઞ સ્વામીથી કેમ છૂપાય?

શ્રી. જુવળે વિશેની બીજી એક ઘટના પણ થોડા વર્ષો બાદ ઘટી હતી તેમને એવું ધ્યાનમાં આવ્યું કે, તેમના કાનની પાછળ કાંઈક કઠણ એવું લાગતું હતું. તે ગાંઠો હતી. થોડા દિવસમાં જ તે ગાંઠોની સંખ્યામાં અને આકારમાં વધારો થવા લાગ્યો. તેનાથી કાન દુખતો નહોતો, પરંતુ ભારેપણું જણાતું હતું. શરીરના કોઈપણ ભાગમાં ગાંઠ આવે ત્યારે માણસનું મન શંકાથી ઘેરાઈ જાય છે. શ્રી. જુવળે પણ આમાં અપવાદ નહોતા. તેથી તેમણે ડોક્ટરને બતાવ્યું. તેમણે જુવળેને કાનના સર્જનને બતાવવાની સલાહ આપી. તે પ્રમાણે શ્રી જુવળે મુંબઈના એક પ્રખ્યાત નાક, કાન,ગળાના સર્જનને જઈને મળ્યા. તેમણે આ ગાંઠો તપાસી અને કેટલીક ચકાસણી (ચેકઅપ) કરી લેવાનું કહ્યું. જુવળેએ તે પ્રમાણે ચેકઅપ કરાવી લીધું અને તેના રિપોર્ટ ડોક્ટરને બતાવ્યા. ડૉક્ટર બોલ્યા- "આના પર શસ્ત્રક્રિયા એ એકમાત્ર ઉપાય છે. અર્થાત હમણાં જ કરવાની જરૂર નથી, પરંતુ, એક મહિનાની અંદર કરાવી લેજો, નહીં તો આ ગાંઠો વધતી જશે."

આ ડૉક્ટર પાસે આવતા પહેલાં જ જુવળેએ પુટ્ટપર્તિની ટિકિટ કઢાવી હતી એટલે ત્યાંથી પાછા આવ્યા પછી શસ્ત્રક્રિયા કરાવી લેવી એમ નક્કી કર્યું અને તે પ્રમાણે તે પુટ્ટપર્તિ પહોંચ્યા. બે દિવસ પછી સ્વામીએ મુલાકાત માટે બોલાવ્યા. કુટુંબની પૂછપરછ કરી – study circle કૈસા હૈ? ક્યા ક્યા કર રહે હો? ' એમ પૂછ્યું. શામભાઈએ આપેલા ઉત્તરથી સ્વામીને સંતોષ થયો. અચાનક તેમણે

વિભૂતિનો ઉદ્ભવ કર્યો. તે સ્વીકારવા માટે શામભાઈએ હાથ આગળ કર્યો, પરંતુ ત્યાં ધ્યાન ન આપતા, સ્વામી બે ડગલાં આગળ આવ્યા અને તેમણે પોતાના હાથે (સ્વહસ્તે) તે વિભૂતિ શામભાઈના બન્ને કાન પાછળ લગાવી. (ત્યારે શામભાઈને તે ગાંઠોની યાદ આવી, નહીં તો તે આ બાબત ભૂલી જ ગયા હતા) અને ત્યાર પછી પીઠ થાબડીને તેમને ઘરે જવાનું કહ્યું.

જ્યારે તે મુંબઈ પાછા આવ્યા, ત્યારે તેમને એવું ધ્યાનમાં આવ્યું કે, કાનની પાછળ આવેલી ગાંઠોનું નામોનિશાન પણ નહોતું રહ્યું. પરંતુ, ફરીથી એકવાર ડૉક્ટરને બતાવવું જોઈએ, તેથી તે પેલા પ્રખ્યાત સર્જન પાસે ગયા. તેમને પણ ગાંઠો દેખાતી નહોતી એટલે ફરીથી એકવાર બધું ચેકઅપ કરાવ્યું તેના રિપોર્ટ્સ જોતા જ તે સર્જન બોલ્યા-કદાચ પહેલાંના રિપોર્ટ્સ ખોટા હશે. ”

તેમને શું ખબર કે, રિપોર્ટ્સ ખોટા નહોતા, પરંતુ ધનવંતરીના ધનંવતરીએ ઈલાજ કરવાથી તે ગાંઠો ક્ષણમાં જ હતી ન હતી થઈ ગઈ હતી!

આવા જ પ્રકારના અનુભવ અનેક ભક્તોને થયા છે કે, જેમના શારીરિક અને માનસિક રોગોને મૂળમાંથી ઉખાડ્યા છે, કેવળ સ્વામીના સંકલ્પથી.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||